તા. ૨૬.૦૪.૨૦૨૫, પાના નં. ૦૧
ગુજરાત સમાચાર (ગાંધીનગર આવૃત્તિ)

### ઓફિસ ટાઈમને ધ્યાને રાખી અમદાવાદથી ટ્રેન દોડાવાશે

# રવિવારથી સચિવાલય સુધી મેટ્રો રેલ દોડશે: કર્મચારીઓ માટે રાહત

ગાંધીનગર, શુક્રવાર

ગુજરાત મેટ્રો રેલ કોપીરેશન લિમિટેડે અમદાવાદ અને ગાંધીનગરના નાગરિકો માટે મેટ્રો સેવામાં મહત્ત્વનું વિસ્તરણ કર્યું છે. મોટેરા સ્ટેશનથી ગાંધીનગરના સચિવાલય સુધી મેટ્રો ટ્રેન સેવાનો વિસ્તાર કરવામાં આવ્યો છે, જેનો પ્રારંભ રવિવાર, ૨૭ એપ્રિલથી થશે. આ રૂટ પર સાત નવા આધુનિક સ્ટેશનોનો ઉમેરો થયો છે જેથી અહીં પણ મુસાફરો મેટ્રોમાં બેસી તથા ઉતરી શકશે.

## કોટેશ્વર રોડ, વિશ્વકર્મા કોલેજ, તપોવન સર્કલ, નર્મદા કેનાલ કોબા સર્કલ, સે-૧૦એ એમ સાત નવા સ્ટેશનો પણ શરૂ થશે

અત્યાર સુધી અમદાવાદ મોટેરાથી ગાંધીનગરના સેક્ટર-૧ સુધી મેટ્રો રેલ દોડી રહી છે. આ રૂટ દરમ્યાન કોટેશ્વર, વિશ્વકર્મા કોલેજ, તપોવન સર્કલ તથ નર્મદા કેનાલ અને કોબા સર્કલનું સ્ટેશન છેલ્લા ઘણા વખતથી નિર્માણાધિન હતું તેનું કામ લગભગ પુર્ણ થઇ ગયું છે ત્યારે આગામી રવિવારથી નવા સાત સ્ટેશનો પણ શરૂ થશે. જેમાં કોટેશ્વર રોડ, વિશ્વકર્મા કોલેજ, તપોવન સર્કલ, નર્મદા કેનાલ, કોબા સર્કલ, સેક્ટર-૧૦એ અને સચિવાલયનો સમાવેશ થાય છે. આનાથી અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે સીધી કનેક્ટિવિટી સ્થપાશે, જે રોજિંદા મુસાફરોને ટ્રાફિકની સમસ્યાથી રાહત આપશે.

મેટ્રો રેલ કોર્પોરેશનના આ પગલાથી નાગરિકોને આરામદાયક અને પર્યાવરણને અનુકૂળ પરિવહન સેવા મળશે. નવા રૂટ અને સ્ટેશનોનું સમયપત્રક શનિવાર, ૨૬ એપ્રિલથી મેટ્રોની વેબસાઇટ ઉપર ઉપલબ્ધ થશે. સચિવાલય સુધી મેટ્રો રેલ સેવા શરૂ થઇ જવાને કારણે હવે સચિવાલયના કર્મચારીઓ પણ મેટ્રો રેલની સફર કરીને કચેરીઓમાં હાજર થતા જોવા મળશે. અમદાવાદ અને ગાંધીનગર વચ્ચેની મુસાફરી હવે વધુ ઝડપી, સુગમ અને સુરક્ષિત બનશે તેવો દાવો કરવામાં આવી રહ્યો છે.